# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-02-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026નું ઉદ્ઘાટન કરતાં ગ્લોબલ સાઉથને સશક્ત બનાવવા AI નું લોકશાહીકરણ કરવાની હાકલ કરી.
2. ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક દેશોના વડા સાથે દ્વિપક્ષીય બેઠકો કરી
3. ભારત મંડપમમાં ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટના ઉદ્ઘાટન સમારોહમાં અગ્રણી કંપનીઓના સીઇઓ ઉપસ્થિત રહ્યા
4. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે મફત યોજનાઓની સંસ્કૃતિ દેશના આર્થિક વિકાસમાં અવરોધ ઉભો કરી રહી છે
5. ICC પુરૂષ T-20 ક્રિકેટ વિશ્વકપમાં કેનેડા અને અફઘાનિસ્તાન વચ્ચે ચેન્નાઇમાં મુકાબલો

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## *PM – AI SUMMIT INAUGURATION*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૃત્રિમ બુદ્ધિમત્તા – AI નું લોકશાહીકરણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે, ખાસ કરીને ગ્લોબલ સાઉથ માટે, તે સમાવેશ અને સશક્તિકરણનું સાધન બનવું જોઈએ.

નવી દિલ્હીના ભારત મંડપમમાં ભારત AI ઇમ્પેક્ટ સમિટ 2026નું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં અનેક વિશ્વ નેતાઓ હાજર રહ્યા હતા, શ્રી મોદીએ કહ્યું કે વિશ્વ એક એવા યુગમાં આગળ વધી રહ્યું છે, જ્યાં માનવ અને બુદ્ધિશાળી પ્રણાલીઓ સાથે મળીને કામ કરે છે, સહયોગ કરે છે અને પ્રગતિ કરે છે. તેમણે કહ્યું કે AI કામને વધુ સ્માર્ટ, વધુ કાર્યક્ષમ અને વધુ અસરકારક બનાવશે.

(BYTE - PM--DEMOCRATISATION-OF-AI)

કાર્યક્રમને સંબોધતા, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનએ કહ્યું કે ભારતે એવું કંઈક બનાવ્યું છે જે વિશ્વના અન્ય કોઈ દેશમાં નથી.

(BYTE - EMMANUEL-MACRON)

સમિટમાં ભાગ લેનારા વિશ્વ નેતાઓનું સ્વાગત કરતા, કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકાર AI સ્ટેકના પાંચેય સ્તરો પર કામ કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકાર કમ્પ્યુટિંગને જાહેર હિત માને છે.

બાદમાં, પ્રધાનમંત્રીએ સમિટમાં લીડર્સ પ્લેનરીને સંબોધિત કરી. તેમણે કહ્યું કે AI ટેક્નોલોજી બધા માટે સુલભ હોવી જોઈએ અને દરેક દેશનું લક્ષ્ય હોવું જોઈએ.

<u>...2...PM – AI SUMMIT</u>

આજે બપોરે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટમાં લીડર્સ પ્લેનરીને સંબોધતા, શ્રી મોદીએ કહ્યું કે AI ને સ્પષ્ટ માનવ મૂલ્યો અને માર્ગદર્શનની જરૂર છે. તેમણે કહ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ – AI ની વૈશ્વિક યાત્રામાં મહત્વાકાંક્ષી ભારતની મુખ્ય ભૂમિકા છે. ઇતિહાસ પર નજર નાખતા, શ્રી મોદીએ કહ્યું કે માનવીએ દરેક અવરોધને નવી તકમાં ફેરવી દીધો છે.

(BYTE - PM-ON-MANAV-VISION-AI)

. . . . . . . . . . . . . . . . . .

## *PM-INDIA AI IMPACT SUMMIT*

નવી દિલ્હીમાં આજે આયોજિત ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક દ્વિપક્ષીય બેઠકો યોજી હતી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(VOICECAST – AJAY INDREKAR)

<u>*(પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેના ઐતિહાસિક સંબંધોને યાદ કરીને, બંને પક્ષોએ કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષેત્રમાં સહયોગ*</u>

*વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી. શ્રી મોદીએ નેધરલેન્ડના પ્રધાનમંત્રી ડિક સૂફ સાથે પણ દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓએ આર્થિક અને સામાજિક પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે એઆઈના ઉપયોગ અંગે ચર્ચા કરી હતી. ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર વાટાઘાટોના નિષ્કર્ષનો ઉલ્લેખ કરતા, બંને નેતાઓએ તેના વહેલા અમલીકરણ માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેઓ ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રમાં ભારત-નેધરલેન્ડ સહયોગને મજબૂત કરવા અને આર્થિક ભાગીદારીમાં નવી તકોનો લાભ લેવા માટે પણ સંમત થયા હતા. બંને નેતાઓએ વૈશ્વિક સ્તરે આતંકવાદ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવાનો પણ સંકલ્પ કર્યો હતો. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ સ્વિસ રાષ્ટ્રપતિ ગાઇ પાર્મેલિન સાથે મુલાકાત કરી હતી. તેમણે ગ્રીસના પ્રધાનમંત્રી કિરિયાકોસ મિત્સોટાકિસ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરી હતી.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ..)*

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## *CEO - AI IMPACT SUMMIT*

નવી દિલ્હીના આજે ભારત મંડપમ ખાતે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટના ઉદ્ઘાટન સમારોહમાં અગ્રણી કંપનીઓના મુખ્ય કાર્યકારી અધિકારી- સીઇઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યું હતું.

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને પોતાના વક્તવ્યમાં AI ને આગામી મૂળભૂત માળખા તરીકે વર્ણવ્યું. તેમણે ડિજિટલ જાહેર માળખામાં દેશની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે AI એ ચિપ્સ અને સિસ્ટમ્સથી લઈને ઉર્જા અને એપ્લિકેશન્સ સુધીના ક્ષેત્રોમાં બનેલી વ્યૂહાત્મક રાષ્ટ્રીય ક્ષમતા તરીકે સ્થાપિત થયું છે.

એન્થ્રોપિકના મુખ્ય કાર્યકારી અધિકારી ડારિયો અમોડેઈએ 2023 માં બ્લેચલી પાર્ક ખાતે પ્રથમ ગ્લોબલ AI સુરક્ષા સમિટ પછી AI માં થયેલી પ્રગતિ પર પ્રકાશ પાડ્યો. તેમણે આ પ્રગતિને આશ્ચર્યજનક ગણાવી. શ્રી અમોડેઈએ કહ્યું કે AI લગભગ એક દાયકાથી ઝડપથી આગળ વધી રહ્યું છે.

આલ્ફાબેટના મુખ્ય કાર્યકારી અધિકારી સુંદર પિચાઈએ AI ને આપણા જીવનકાળનું સૌથી મોટું પરિવર્તન ગણાવ્યું. તેમણે વૈજ્ઞાનિક શોધોને વેગ આપવાની તેની ક્ષમતા પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . . . .

## SC-FREEBIES CULTURE

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે મફત યોજનાઓની સંસ્કૃતિ દેશના આર્થિક વિકાસમાં અવરોધ ઉભો કરી રહી છે. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જોય માલ્યા બાગચી અને વિપુલ એમ. પંચૌલીની ખંડપીઠે કહ્યું કે દેશના મોટાભાગના રાજ્યો મહેસૂલ ખાધમાં છે, છતાં તેઓ વિકાસને અવગણીને આ રીતે વર્તી રહ્યા છે. અદાલતે તમિલનાડુ વીજળી વિતરણ નિગમ લિમિટેડની અરજી પર સુનાવણી કરતી વખતે આ વાત કહી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે ગ્રાહકોની આર્થિક સ્થિતિ પર ધ્યાન આપ્યા વિના દરેકને મફત વીજળી પૂરી પાડવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ખંડપીઠે કહ્યું કે મફત ખોરાક, સાયકલ અને વીજળી આપવાને બદલે, રાજ્યોએ રોજગાર સર્જન પર કામ કરવું જોઈએ. મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે આવી મફત યોજનાઓ શરૂ કરીને કોઈ પણ કામ કરવા માંગશે નહીં.

. . . . . . . . . . . . . . . . . .

## ***NHRC - Notice***

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ -NHRC એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને નોટિસ પાઠવી છે. નોટિસમાં તેમને બિન-સરકારી સંસ્થાઓ- NGOને ઓળખવા

માટે કહેવામાં આવ્યું છે. જે માનવ અધિકાર પંચના નામનો દુરુપયોગ કરીને જનતાને ગેરમાર્ગે દોરે છે.

NHRC એ જણાવ્યું છે કે કેટલીક NGO ભ્રામક ઓળખ કાર્ડ અને કમિશનના હોદ્દાનો ઉપયોગ કરી રહી છે. કમિશને જણાવ્યું હતું કે આવા ભ્રામક નામોનો ઉપયોગ ભંડોળના દુરુપયોગની શક્યતા વધારી શકે છે.

. . . . . . . . . . . . . . . . . .

## *JUAL ORAM - NCST*

આદિવાસી બાબતોના મંત્રી જુઆલ ઓરમે આજે જણાવ્યું હતું કે સરકાર આદિવાસી વિસ્તારોમાં પ્રવર્તતા રોગોને નાબૂદ કરવા માટે ખાસ કામ કરી રહી છે. આ હેતુ માટે કેન્દ્રિત કાર્યક્રમો વિકસાવવામાં આવી રહ્યા છે.

તેમણે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના 23મા સ્થાપના દિવસે આ નિવેદન આપ્યું હતું. મંત્રીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે આયોગ જમીન વિવાદો જેવા મુદ્દાઓનું નિરાકરણ કરીને આદિવાસી લોકોને સતત મદદ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## *GOYAL-APEDA*

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી – API ને તમિલનાડુથી કેનેડામાં પ્રથમ GI-ટેગવાળા સેલમ ટેપીઓકાપામ કન્સાઇન્મેન્ટ મોકલવામાં સહયોગ આપવા બદલ અભિનંદન આપ્યા.

શ્રી ગોયલે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે આ નિકાસ ટેપીઓકા પામની ખેતીમાં રોકાયેલા આદિવાસી સમુદાયો સહિત મોટી સંખ્યામાં ખેડૂતોની આવકમાં વધારો કરશે અને દેશની કૃષિ નિકાસને વધુ મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . .

## *SABARI MALA GOLD CASE*

કેરળની કોલ્લમ વિજિલન્સ અદાલતે સબરીમાલા સોનાના કેસમાં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના પૂર્વ પ્રમુખ એ.પદ્મકુમારની જામીન અરજી પર પોતાનો નિર્ણય મુલતવી રાખ્યો છે. સબરીમાલા સોના કેસમાં હજુ સુધી ચાર્જશીટ દાખલ કરવામાં આવી ન હોવાથી પદ્મકુમારે ૯૦ દિવસની કસ્ટડી પૂર્ણ કર્યા પછી કાનૂની જામીન મેળવવા માટે અદાલતમાં અરજી કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## *MINERALS-KISHAN REDDY*

કેન્દ્રીય  કોલસા અને પેટ્રોલિયમ મંત્રી જી. કિશન રેડ્ડીએ આજે વૈશ્વિક અર્થતંત્રને આકાર આપવામાં મહત્વપૂર્ણ ખનિજોના વધતા મહત્વ વિષે કહ્યું કે, મહત્વપૂર્ણ ખનિજો સૌરઉર્જા, લિથિયમ અને તાંબા આધારિત ટેક્નોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોની કરોડરજ્જુ બનાવે છે.

નવી દિલ્હીમાં ભારતીય મહત્વપૂર્ણ ખનિજો પરિદ્રશ્ય: ટકાઉ ભવિષ્યની સ્થાપના" ના બીજા સંસ્કરણમાં ઉદ્ઘાટન સત્રને સંબોધતા, તેમણે કહ્યું કે વિશ્વનું ભવિષ્ય આ મહત્વપૂર્ણ સંસાધનોની ઉપલબ્ધતા અને ટકાઉ વિકાસ પરવધુને વધુ નિર્ભર છે.

. . . . . . . . . . . . . . . . . .

## *REV. EVE MEN'S CRICKET-T*20

આઈસીસી પુરૂષ  ટી-20 ક્રિકેટ વિશ્વ કપમાં, ઝિમ્બામ્વેનો શ્રીલંકા સામે ગ્રુપ બી મેચમાં 6 વિકેટથી  વિજય થયો છે. પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા, શ્રીલંકાએ 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 178 રન બનાવ્યા હતા. તેના જવાબમાં ઝિમ્બામ્બેએ 19.3 ઓવરમાં જ  182 રન બનાવી વિજય મેળવ્યો.

અગાઉ, વેસ્ટ ઈન્ડિઝે આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ગ્રુપ સીના તેમના અંતિમ મુકાબલામાં ઇટાલીને 42 રનથી હરાવ્યું. બેટિંગમાં ઉતરતા, વેસ્ટ ઈન્ડિઝે 165 રન બનાવ્યા. ઇટાલી 18 ઓવરમાં 123 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

દરમિયાન આજે ત્રીજી મેચમાં, કેનેડા ટોસ જીતી ફિલ્ડીંગ પસંદ કરી છે. છેલ્લા મળતા અહેવાલ પ્રમાણે અફઘાનિસ્તાને 9.1 ઓવરમાં 2 વિકેટે 75 રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

## *DRDO - DROGUE PARACHUTE*

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન –DRDO એ ચંદીગઢમાં ગગનયાન કાર્યક્રમ માટે ડ્રોગ પેરાશૂટનું યોગ્ય લોડ પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધર્યું છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરીક્ષણમાં પેરાશૂટને મહત્તમ ફ્લાઇટ લોડ કરતાં વધુ ભારને આધીન કરીને તેની મજબૂતાઈ અને વિશ્વસનીયતાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ પરીક્ષણ પેરાશૂટના વધારાના ડિઝાઇન સલામતી પરિમાણો દર્શાવે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગગનયાન ડ્રોગ પેરાશૂટના સફળ પરિક્ષણ માટે, ISROને અભિનંદન આપતા કહ્યું કે ગગનયાન ડ્રોન પેરાશૂટનું આ સફળ પરીક્ષણ આત્મનિર્ભર ભારતના દ્રષ્ટિકોણને આગળ વધારવા તરફનું બીજું મહત્વપૂર્ણ પગલું છે.

. . . . . . . . . . . . . . . . . .